©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, OCTOBER 9, 2025 / ASVINA 17, 1947 [No. 41

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક:- GHKH/155/2025/ACD/AMR/e-file/2/2023/5704/G: ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૧૮/૦૭/૨૦૦૦ ના હુકમથી ધી જામનગર રીજીયોનલ તેલીબીયાં ઉત્પાદક સહકારી સંઘ લી., જિ. જામનગરને ફડચામાં લઈ જવામાં આવેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ સહકારી સંસ્થાને ફડચાના હુકમથી નિયત સમયમર્યાદામાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. પરંતુ સદરહુ સંઘની ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં આટોપી શકાયેલ ન હોવાથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અંતર્ગત સદરહુ સંઘની ફડચાની મુદત તા.૧૭/૦૭/૨૦૨૪ સુધી વધારી આપવામાં આવેલ. ત્યારબાદ આ વિભાગના તા.૦૬/૧૧/૨૦૨૪ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ સદરહુ સંઘની ફડચાની મુદત તા.૧૮/૦૭/૨૦૨૪ થી તા.૧૭/૦૭/૨૦૨૫ સુધી વધારી આપવામાં આવેલ હતી. પરંતુ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરના તા.૨૮/૦૭/૨૦૨૫ના પત્રથી રજૂ કરેલ દરખાસ્ત સાથેના ફડચા અધિકારીના તા.૨૬/૦૫/૨૦૨૫ના પત્રની વિગતે સંઘની બાકી ફડચાની કામગીરી ઉક્ત મુદત વધારા દરમ્યાન આટોપી શકાયેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧માં ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમની-૨૦૨૪ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તા અંતર્ગત ધી જામનગર રીજીયોનલ તેલીબીયાં ઉત્પાદક સહકારી સંઘ લી., જિ. જામનગર (ફડચામાં)ની ફડચાની કાર્યવાહી આટોપી લેવા માટે તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૦૭/૨૦૨૬ સુધીની મુદત વધારી આપવામાં આવે છે. આ વધારેલ સમય મર્યાદામાં ફડચાની કાર્યવાહી પૂર્ણ થાય તેવી પદ્ધતિ અપનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક : GHKH/159/2025/ACD/AMR/e-file/2/2024/3843/G: ધી મહેસાણા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી, મહેસાણાની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીની મુદત તા.૨૫/૦૯/૨૦૨૨ના રોજ પૂર્ણ થાય તે પહેલાં મહેસાણા સંઘની નવી વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી યોજાઇ શકેલ ન હોવાથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ડી)ની જોગવાઇ હેઠળ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાના તા.૨૯/૦૯/૨૦૨૨ના હૂકમથી ધી મહેસાણા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી, મહેસાણામાં કસ્ટોડિયનની નિમણૂક કરવામાં આવેલ. રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરની કચેરીના તા.૨૩/૦૯/૨૦૨૫ના પત્રની વિગતે સદરહુ સંઘની નવી વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી હજુ સુધી યોજાઇ શકેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ અંતર્ગત રાજ્ય સરકારશ્રીને મળેલ સત્તા હેઠળ, ધી મહેસાણા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી, મહેસાણામાં કસ્ટોડિયનની નિમણૂકને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ડી)માંથી મુક્તિ આપીને તા.૨૯/૦૯/૨૦૨૫ થી તા.૨૮/૦૯/૨૦૨૬ સુધી અથવા નવી વ્યવસ્થાપક ચૂંટાયેલી કમીટી કાર્યરત થાય, તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી મુદત વધારો આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક : GHKH/160/2025/ACD/AMR/e-file/2/2025/2718/G:- ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૦(૧)ની જોગવાઇ હેઠળ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઇન ગ્રોઅર્સ ફેડરેશન લી.-અમદાવાદના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં સરકારી પ્રતિનિધિ તરીકે નીચે જણાવેલ સભ્યોની નિમણૂક કરવામાં આવે છે.

ક્રમ	નામ અને સરનામું
૧	હીરપરા હિરેનભાઇ કનુભાઇ, મુ. દિતલા, તા.ધારી, જિ. અમરેલી
૨	પટેલ સુરેશભાઇ વિઠ્ઠલભાઇ, મુ. લખેડાકંપા, તા.વડાલી, જિ. સાબરકાંઠા

આ નિમણૂકની મુદત બીજા હુકમો ન થાય ત્યાં સુધીની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: GHKH/161/2025/ACD/AMR/e-file/2/2025/3341/G:- ધી વડોદરા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વડોદરામાં નવી વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી યોજાઇ શકેલ ન હોવાથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪(ડી)ની જોગવાઇ હેઠળ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્યના તા.૦૭/૦૬/૨૦૨૩ના હુકમથી ધી વડોદરા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વડોદરામાં

કસ્ટોડિયનની નિમણૂક કરવામાં આવેલ. ત્યારબાદ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્યના તા.૧૧/૧૦/૨૦૨૩ના હુકમથી ધી વડોદરા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વડોદરામાં કસ્ટોડિયન કમિટીની નિમણૂક કરવામાં આવેલ. રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરની કચેરીના તા.૦૯/૦૯/૨૦૨૫ના પત્રની વિગતે સદરહુ સંઘની નવી વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી હજુ સુધી યોજાઈ શકેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ અંતર્ગત રાજ્ય સરકારશ્રીને મળેલ સત્તા હેઠળ, ધી વડોદરા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વડોદરામાં કસ્ટોડિયન કમિટીની નિમણૂકને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ડી)માંથી મુક્તિ આપીને તા.૦૭/૦૬/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી અથવા નવી વ્યવસ્થાપક ચૂંટાયેલી કમીટી કાર્યરત થાય, તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી મુદત વધારો આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.09 14:52:13 IST